જ્યારે જનાઝો તૈયાર કરી દેવામાં આવે અને લોકો તેને પોતાના ખભા પર ઉઠાવી લે, જો તે જનાઝો કોઈ સદાચારી વ્યક્તિનો હશે તો તે કહેશે: મને આગળ લઈ જાઓ,

અબૂ સઇદ ખુદરી રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે કે અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «જ્યારે જનાઝો તૈયાર કરી દેવામાં આવે અને લોકો તેને પોતાના
ખભા પર ઉઠાવી લે, જો તે જનાઝો કોઈ સદાચારી વ્યક્તિનો હશે તો તે કહેશે: મને આગળ લઈ જાઓ,
અને જો તે દુરાચારી વ્યક્તિનો જનાઝો હશે તો કહેશે: હાય મારી નષ્ટતા! મને ક્યાં લઈ જઈ રહ્યા છો? માનવી સિવાય દરેક સર્જન તેનો અવાજ સાંભળે છે, જો માનવી તેનો અવાજ સાંભળી લે
તો બેભાન થઈ જાય».
[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ બુખારી રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

આ હદીષમાં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ જણાવ્યું કે જ્યારે જનાઝો તૈયાર કરી ખાટલા પર મુકવામાં આવે અને લોકો તેને પોતાના ખભે ઉઠાવે, જો તે સદાચારી વ્યક્તિનો જનાઝો હશે તો કહેશે: મને આગળ લઈ જાઓ, તે નેઅમતોની પ્રાપ્તિ માટે જે તે જોઈ રહ્યો છે, અને જો તે જનાઝો કોઈ દુરાચારી વ્યક્તિનો હશે તો તે ભયાનક અવાજમાં કહેશે: હાય મારી નષ્ટતા! મને ક્યાં લઈ જઈ રહ્યા છો?! અઝાબને જોઈ લેવાના કારણે, માનવી સિવાય દરેક સર્જન તેનો અવાજ સાંભળે છે, જો માનવી તેનો અવાજ સાંભળી લે તો તે અવાજની ભયાનકતાના કારણે બેભાન થઈ જાય.

http://sunnah.global/hadeeth/gu/show/3554